# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-10-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ કિસાન સન્માનનિધિ યોજનાનો 18 મો હપ્તો જાહેર કર્યો.
2. રાજ્ય સરકારે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત આશરે ૨ લાખ ૬૧ હજારથી વધુ પશુઓ માટે ૭૧ કરોડ 26 લાખ રૂપિયાની સહાય ચૂકવી.
3. કેન્દ્રીય મંત્રીમંડળના પાંચ ભારતીય ભાષાઓને શાસ્ત્રીય ભાષાઓનો દરજ્જો આપતાં નિર્ણયને રાજ્યભરના શિક્ષણવિદોએ આવકાર્યો.
4. ખેડા જિલ્લાના માતર તાલુકાનું હૈજરાબાદ ગામ તાલુકામાં સૌ પ્રથમ ટી.બી. મુકત ગ્રામ જાહેર
5. આજે નવરાત્રિનો ત્રીજો દિવસ છે. મહેસાણાના શક્તિપીઠ બહુચરાજી ખાતે ભક્તોની ભારે ભીડ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## PM-MAHARASHTRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાનો 18મો હપ્તો જાહેર કર્યો છે.

જે અતંર્ગત દેશભરના 9.4 કરોડથી વધુ ખેડૂતોને 20 હજાર કરોડ રૂપિયાથી વધુની રકમનો સીધો નાણાકીય લાભ મળશે.

મહારાષ્ટ્રના વાશીમમાં એક દિવસીય મુલાકાતે પહોંચેલા પ્રધાનમંત્રીએ વાશીમ અને થાણેમાં કુલ 56 હજાર 100 કરોડની વિવિધ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. શ્રી મોદીએ વાશીમમાં વણજારા સમુદાયનો ભવ્ય વારસો દર્શાવતા સંગ્રહાલયનું ઉદઘાટન કર્યું હતું. પ્રધાનમંત્રીએ વાશિમમાં 23 હજાર 300 કરોડ રૂપિયાના મૂલ્યની કૃષિ અને પશુપાલન ક્ષેત્રને લગતી વિવિધ પહેલોનો પ્રારંભ કરાવ્યો, ત્યારબાદ થાણેમાં 32 હજાર 800 કરોડનાં મૂલ્યનાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરશે.

----------------------------------

## Gaumata Poshan Yojana

રાજ્ય સરકારે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત આશરે ૨ લાખ ૬૧ હજારથી વધુ પશુઓ માટે ૭૧ કરોડ 26 લાખ રૂપિયાની સહાય ચૂકવી છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત રાજ્યની ગૌશાળાઓ અને પાંજરાપોળોને પશુ નિભાવ સહાયની ચૂકવણી કરવા માટે રાજ્ય

સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ તબક્કામાં એટલે કે, એપ્રિલ-૨૦૨૪ થી જૂન-૨૦૨૪ માટે રાજ્યની કુલ ૫૮૪ ગૌશાળા અને પાંજરાપોળને પશુ નિભાવ માટે સહાય ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલી આ ગૌશાળા અને પાંજરાપોળના આશરે ૨ લાખ ૬૧ હજારથી વધુ પશુઓ માટે રાજ્ય સરકાર દ્વારા ૭૧ કરોડ 26 લાખ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી છે.

બીજા તબક્કામાં સહાય મેળવવા ઈચ્છુક ગૌશાળા અને પાંજરાપોળ ઓનલાઇન અરજી કરી શકે તે માટે આગામી ૧૫ ઓક્ટોબર સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

આ યોજના અંતર્ગત રાજ્યની ગૌશાળા કે પાંજરાપોળ દ્વારા ગાય અને ભેંસ વર્ગના પશુઓનો નિભાવ કરવામાં આવતો હોય, તેવી સંસ્થાઓને ગૌવંશના પોષણ અને નિભાવ માટે દૈનિક પશુદીઠ ૩૦ રૂપિયા લેખે આર્થિક સહાય આપવામાં આવે છે.

---

## CLASSICAL-LANGUAGES

રાજયભરના શિક્ષણવિદો અને સંશોધકોએ પાંચ ભારતીય ભાષાઓને શાસ્ત્રીય ભાષાઓનો દરજ્જો આપવાના કેન્દ્રીય મંત્રીમંડળના તાજેતરનાં નિર્ણયને આવકાર્યો છે. આકાશવાણી સાથે વાત કરતાં, ગુજરાત વિદ્યાપીઠના ભારતીય ભાષા સંસ્કૃતિ સંસ્થાના નિયામક ડૉ.દિવ્યેશ ભટ્ટે આ નિર્ણયને બિરદાવતા કહ્યું કે

આ નિર્ણયથી સામાન્ય લોકો, શૈક્ષણિક જગત અને બૌદ્ધિક પ્રવૃત્તિઓનું આ ભાષાઓ પ્રત્યે ધ્યાન ખેંચાશે.

(બાઇટ – ડો.દિવ્યેશ ભટ્ટ-ગુજ વિદ્યાપીઠ ભારતીય ભાષા સંસ્કૃતિ સંસ્થાના નિયામક)

ઉલ્લેખનીય છે કે ગત ગુરુવારે મંત્રીમંડળે શાસ્ત્રીય ભાષાઓની યાદીમાં આસામી, બંગાળી, મરાઠી, પાલી અને પ્રાકૃતના  સમાવેશને મંજૂરી આપી હતી.

.................

## PORBANDAR BARDA SAFARI

પોરબંદરના બરડા જંગલમાં ટૂંક સમયમાં જંગલ સફારી શરૂ થશે. આ માટેની તૈયારીઓ વનવિભાગ દ્વારા શરૂ કરી દેવાઈ છે. શરૂઆતના સમયમાં લોકોએ અહીં બૂકિંગ વિન્ડોથી ઑફલાઇન ટિકિટ લેવાની રહેશે. ટિકિટના ભાવ આગામી ટૂંક સમયમાં નક્કી થશે. સાથે જ ગાઇડ માટેની ભરતી પ્રક્રિયા પણ ટૂંક સમયમાં હાથ ધરાશે. જંગલ વિશે સફારી વિશે વધુ માહિતી આપી રહ્યા છે સ્થાનિક વન વિભાગના અધિકારી એ. બી. સરવૈયા...

(બાઈટ - એ. બી. સરવૈયા, AIF, પોરબંદર (3.00થી 3.21)

192 ચોરસ મીટરનો વિસ્તાર ધરાવતા બરડા જંગલમાં સાબર અને ચિતલનું પ્રજનન કેન્દ્ર આવેલું છે. આ ઉપરાંત ત્યાં સિંહ, દીપડા નીલગાય, જંગલી ભૂંડ, સાબર, ચિતલ સહિતના વન્ય પ્રાણીઓ જોવા મળે છે. કુદરતી ઝરણાંઓ, જંગલોમાં ઔષધિ વૃક્ષો બરડા જંગલની શોભા વધારે છે.

-------------------

## GANDHINAGAR WORKSHOP

ગાંધીનગરમાં આધારનો મહત્તમ લાભ મેળવવાના હેતુથી કાર્યશાળાનું આયોજન કરાયું હતું. UIDAI રાજ્ય કચેરી ગુજરાત અને DST ગુજરાત સરકાર દ્વારા ગાંધીનગરમાં નવા સચિવાલય ખાતે યોજાયેલી આ કાર્યશાળામાં 200થી વધુ વરિષ્ઠ અધિકારીઓએ ભાગ લીધો હતો.

કાર્યશાળામાં ઇશાન ભારતના ઇ-ખજાના માટે આધારનો ઉપયોગ, રાજ્યની પોલીસ માટે ક્ષમતા નિર્માણ, આધાર આધારિત ડિજીટલ પેમેન્ટ્સ તેમજ જન આધાર મોબાઇલ ટ્રિનિટીનો ઉપયોગ કરવા માટેની વ્યવસ્થાને મજબૂત કરવા અંગેની માહિતી આપવામાં આવી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## T.B. Mukt Gaam – Haijrabaad

ખેડા જિલ્લાના માતર તાલુકાનું હૈજરાબાદ ગામ તાલુકામાં સૌ પ્રથમ ટી.બી. મુકત ગ્રામ જાહેર કરવામાં આવ્યું છે.

આ  અંગે વધુ માહિતી આપતાં આયુષ્માન આરોગ્ય મંદિર હૈજરાબાદના સામુદાયિક આરોગ્ય અધિકારી નિરાલી પરમાર જણાવે છે  કે... અંદાજે ત્રણ હજાર નાગરિકોની વસ્તી ધરાવતા ગામમાં  ટી.બી ના બંન્ને દર્દીને ગામના જ આરોગ્ય કર્મચારી દ્વારા પોષણકીટ પહોંચાડવામાં આવી હતી.

(બાઈટ - નિરાલી પરમાર, સીએચઓ, આયુષ્યમાન આરોગ્ય મંદિર, હૈજરાબાદ)

----------

## SEVA SETU - DISTRICT

રાજ્યભરમાં સરકારી યોજનાઓના લાભ નાગરિકો ઘર આંગણે લઈ શકે તે ઉદ્દેશ્યથી, સેવાસેતુ કાર્યક્રમના  દસમા તબક્કા હેઠળ તમામ જિલ્લામાં કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે.

દાહોદ જિલ્લાના  ધાનપુર તાલુકાના ભોરવા ગામની પ્રાથમિક શાળા ખાતે પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

અરવલ્લી જિલ્લામાં ભીલોડા તાલુકાના  ધંબોલિયા ગામે સેવાસેતુ કેમ્પ યોજાયો. આ ઉપરાંત સેવા સેતુ કાર્યક્રમમાં આરોગ્ય અને પશુ સારવાર કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ભીલોડા ધારાસભ્ય પી. સી. બરંડાએ વધુને વધુ લોકો સેવાનો લાભ મેળવે તે અપીલ કરી હતી.

ડાંગ જિલ્લાના અમારાં પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે ,વઘઈ તાલુકાના નડગચોંડ પ્રાથમિક શાળા ખાતે ડાંગના ધારાસભ્ય વિજય પટેલના અધ્યક્ષ સ્થાને સેવા સેતુનો કાર્યક્રમ યોજાયો હતો.

ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના વાળુકડ ગામે ‘સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૮ ગામના ૧ હજાર ૩૨૧ અરજદારોની તમામ રજૂઆતોનો સ્થળ પર જ નિકાલ કરાયો હતો.

વાળુકડ ગામની કુમાર શાળા ખાતે યોજાયેલા સેવા સેતુના કાર્યક્રમમાં સરકારશ્રીના વિવિધ વિભાગના સ્ટોલ ઉપલધ્ધ કરવામાં આવ્યા હતા. જેમાં ઉપસ્થિત નાગરિકોએ સરકારની વિવિધ યોજનાઓને લાભ લીધો હતો.

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના બગોદરા ગામમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમમાં વિવિધ 13 વિભાગોની 60 જેટલી સુવિધાઓનો લાભ નાગરિકોને મળ્યો.

-----------------------------------

# Akankshi Block Karyakram

સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં કેન્દ્ર સરકારના "આકાંક્ષી બ્લોક કાર્યક્રમ" અંતર્ગત "સંપૂર્ણતા અભિયાનનું સમાપન થયું છે. સાંસદ ચંદુભાઈ શિહોરાએ વહિવટીતંત્રને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, તાલુકાએ વહીવટીતંત્રે ત્રણ મહિનાના ટુંકા સમયગાળામાં મુખ્ય છ લક્ષ્યાંકોમાં ૧૦૦% સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

. . . . . . . . . . . . .

# Navratri Third Day

આજે નવરાત્રિનો ત્રીજો દિવસ છે મા અંબાના ચંદ્ર ઘંટા સ્વરૂપનું પૂજન થાય છે. મા ચંદ્ર ઘંટાને દશ ભૂજાઓ અને મસ્તક પર અર્ધચંદ્ર છે તેમનું વાહન સિંહ છે. તેમની આરાધનાથી વિપતિઓનો નાશ થાય છે.

રાજ્યભરમાં નવરાત્રીની ઉલ્લાસભેર ઉજવણી કરાઈ રહી છે. મહેસાણાના બહુચરાજી શક્તિપીઠ ખાતે શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી રહી છે. વધુ માહિતી આપી રહ્યા છે અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી.

( BAHUCHARAJI _ JAYATI CHAUDHARI VC, MEHSANA )

કર્ણાટક રાજ્યના રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે અંબાજી શક્તિપીઠ ખાતે ધજા ચાઢાવીને પૂજા -અર્ચના કરી હતી.

અમદાવાદ વિમાનમથકના ટર્મિનલ -1 ખાતે એરપોર્ટના કર્મચારીઓ તેમજ મુસાફરો ગરબાના તાલે ઝુમ્યા હતા.

વલસાડ શહેરમાં સ્વયં સેવી સંસ્થાઓ દ્વારા શેરી ગરબાનું આયોજન કરાયું હતુ. વલસાડ જિલ્લામાં 7 મોટા સાર્વજનિક મહોત્સવનું આયોજન કરાયું છે. તમામ જાહેર સ્થળોએ મહિલા હેલ્પલાઇન, એમ્બ્યૂલન્સ અને પોલીસ જવાનો તૈનાત કરાયા છે.

--------------------